RNI No. GUJGUJ/2011/44815

વર્ષ : 7

એપ્રિલ - 2018

કિંમત - રૂ.10/-



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ

અડાબીડ ઘોર અંધારું ક્ષણોમાં વ્હેરી આવ્યો છું
હું સૂરજ નામના પંખીની પાંખો પહેરી આવ્યો છું
ઉનાળો આવતા પાછો તમારી શેરી આવ્યો છું
હું ગરમાળો છું, તડકાઓની લઈને ફેરી આવ્યો છું.









# આપણું શુભ અને તેનો ઉછેર

વ્હાલા રઘુવંશી ભાઈ-બહેનો,

**જય જલારામ... જય રઘુવંશ... જય મહાપરિષદ...**

શાસ્ત્રોમાં કહેવાયું છે કે સદ્‌વિચારની, સદાચારની, સદ્‌વાણીની પોતાની સુવાસ હોય છે, જે આપણા પ્રાણને પ્રસન્ન કરે છે અને આપણા જીવનને સુવાસિત કરીને રહે છે. ગુલાબોની છાબ હોય તો તેમાંથી તો ખુશબૂ જ મળે, પરંતુ ઉકરડાની ગંદકી હોય તો બદબૂ મળે. ખુશબૂ મળે તો આપણે હોંશેં હોંશે ઊંડા શ્વાસ લઈએ, પરંતુ બદબૂ આવે તો નાક દબાવીને ઘડીભર શ્વાસ લેવાનું પણ ટાળીએ ! એવી જ રીતે આપણે કશુંયે ખરાબ વિચારીએ, બોલીએ કે આચરીએ ત્યારે મજા આવતી નથી, પરંતુ આપણા થકી કશુંક સારું કે શુભ થાય ત્યારે મજા આવે છે. આવી તકો જીવનમાં સાંપડે એ આપણા માટે તો શુભ ઘડી. સારું સારું જોવા મળે, જાણવા મળે, વાંચવા મળે, સાંભળવા મળે એ જ આપણા માટે તો શુભ ચોઘડીયાં. પ્રભુને સતત એવી પ્રાર્થના કરીએ આપણી માટીમાં સારપનો વધુ ને વધુ ફાલ ઉતરે એવી કૃપા વર્ષા કરે. આપણને કશુંક સારું ને શુભ કરવાનું સુઝાડે. આપણામાં જે કંઈ ખામી કે બુરાઈ હોય એને બાળી નાખે.

ઘર ગૃહિણીથી શોભે છે. ગૃહિણીની ગૃહસેવાનું સર્વોત્તમ પાસું તે તેની ઉછેરવાની કળા છે અને ઉછેરવાની આ ક્રિયામાં ગૃહિણીની કસોટી થાય છે તેવી જ રીતે માણસાઈની કસોટી પણ માણસની માણસને ઉછેરવાની કળામાં જ થતી હોય છે. ઉખેડવું કે ઉજેડવું સહેલું છે, ઉછેરવું કઠિન છે. ઉછેરવામાં જ માણસાઈની મોટી સાધના, તપશ્ચર્યા અને કળા છે. ઉછેરવામાં જ પ્રગટ થાય છે મનુષ્યની સર્જનાત્મકતા - રચનાત્મકતા, પરંતુ એ આવકાર્ય અને અભિનંદનીય તો ત્યારે જ લાગે જ્યારે એના થકી શુભનો ઉછેર થાય. ઉછેરવાની કળા તુલસીની બાબતમાં ચાલતી હોય તો જ આપણને ગમે, વાડ બાંધતા થોરના ઉછેરમાં એ કળા ખર્ચાય તો તો એ આપણને કેવળ કાંટાના સબબે તો જરાય નહીં જ ગમે. એવી ઉછેરવાની ક્રિયા તો ઉખેડવાની કે ઉજેડવાની ક્રિયાનો પર્યાય બની જાય અને તે તો આપણા માટે સર્વથા ત્યાજ્ય જ હોવી જોઈએ.

આપણે તો માતૃસંસ્થા મહાપરિષદની જમીન પર ઉછેરવાની છે તુલસી, કહો કે અમૃતની વલ્લી. આપણા દ્વારા હાથ ધરાયેલા વિવિધ પ્રકલ્પો અને તેની સાધનાની સાર્થકતા છે તુલસી જેવા શુભના સંવર્ધનમાં. માતૃસંસ્થા રૂપી આ જમીનમાં આપણે તો પરિશ્રમપૂર્વક અને ખંતથી આંબા પણ વાવીએ તો ત્યાં રૂડું આંબાવાડિયું તૈયાર થઈ જાય અને સૌને એના રસાળ ફળ પણ યથાસમય ચાખવા - માણવા મળી શકે. આપણો આપણા સૌ પરિવારજનો અને જ્ઞાતિજનો સાથેના વ્યવહારમાં સકારાત્મક અભિગમ હોય એ આ માટે જરૂરી છે. આપણે આપણી અંદર અને બહાર, જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે અવકાશ મળે ત્યાં ત્યાં ને ત્યારે ત્યારે શુભ ને સદ્‌ગુણોનાં બીજનું વાવેતર કરી, કાળજીપૂર્વક તેમને ઉછેરવાનો ઉદ્યમ કરીએ તો આપણને માતૃસંસ્થા મહાપરિષદ અને સમગ્ર રઘુવંશી સમાજમાં આપણો સદુપયોગ થઇ રહ્યાનો ભાવ જાગશે અને તેથી ઉત્સાહ અને આનંદનો ભર્યો ભર્યો અનુભવ થશે. અનુભવથી જોવા મળ્યું છે કે જ્યારે જ્યારે આપણું કામ સાર્થક થતું લાગે છે ત્યારે ત્યારે આપણને આપણી ભીતર પ્રસન્નતાનું સત્ત્વશુદ્ધ મધ ગળતું લાગે છે.

શુભ અને અશુભનો ભેદ સમજવો - એ બે વચ્ચે વિવેક કરવો, શુભને બરોબર ઓળખીને એને આપણા જીવતરની તેમજ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની ભોંયમાં, તુલસી ક્યારે જેમ તુલસી કોળે એમ કોળવીએ તો તેના સંવર્ધન - ઉછેર અને વિકાસથી આપણું અને માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનું હોવાપણું (being) અને થવા પણું (becoming) ઘણું ખુશબોદાર, સુખમય અને રસપ્રદ લાગશે.!!

તો ચાલો, માતૃસંસ્થાના આંગણે તુલસીક્યારાની માવજત કરતા સેવાભાવી નિષ્ઠાવાન, રઘુવંશી ભાઈ-બહેનોના કુમકુમ પગલાંને જોતાં જોતાં, અનુસરતાં અનુસરતાં, માતૃસંસ્થાની ફૂલવાડી કે આંબાવાડીને રૂડી રીતે ઉછેરતાં ઉછેરતાં, ખીલવતાં ખીલવતાં માણતાં રહીએ એવી અભ્યર્થના અને હૃદયપૂર્વકની ભાવના !!!

પ્રવિણ કોટક

પ્રમુખ, શ્રી લોહાણા મહાપરિષદ

વર્ષ : 7
એપ્રિલ - 2018
અંક : 75
માલિક
શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક
તંત્રી : પ્રોફે. ચંદ્રકાન્ત જે. વન્ના
વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

વિભાગીય સંકલક :
ગુજરાત : શંકર કતીરા (ડીસા)
સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)
કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)
વિદર્ભ સહ મધ્ય ભારત : જયપ્રકાશ વસાણી (નાગપુર)
મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)
ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)
માર્ગદર્શક :
યોગેશભાઈ લાખાણી
ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)
કનુભાઈ આચાર્ય (ડીસા)
ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)
રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

<u>રજી. કાર્યાલય</u>
બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,
ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,
સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ફોન : (૦૭૯) ૪૦૦૬૧૦૦૫
વેબસાઈટ : www.lohanamahaparishad.org
સભ્યપદ
આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-
આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-
છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : 20 સળંગ અંક : 234

ઈમેઈલ :
raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)
imppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)
shreeimpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)
jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)

'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.

## અનુક્રમણિકા

માતૃસંસ્થાની અટારીએથી ............ ૨
તંત્રી સ્થાનેથી ............ ૪
હનુમાન જયંતી ............ ૬
વેકેશનમાં શું કરશો ? ............ ૮
કાર્યાલય સમાચાર ............ ૧૦
વિભાગીય સમાચાર ............ ૧૫
સ્થાયી સમિતિઓના અહેવાલ ............ ૧૭
સંસ્થા સમાચાર ............ ૨૦
શાબાશ રઘુવંશી ............ ૨૧
આગોતરી જાણ – કારોબારી સભા ............ ૨૩
સૌજન્ય જાહેરાત, શ્રી દિપકભાઈ ઠક્કર – અમદાવાદ ............ ૨૪

## કરબધ્ધ અપીલ



માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલયથી આરોગ્ય સહાય, શિક્ષણ સહાય તેમજ ભાગવત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે અતિથિ ભવનના નવીનીકરણનું કામ પ્રગતિના પંથે છે ત્યારે સમાજના દાતાશ્રેષ્ઠીઓ દ્વારા અનુદાનનો સંકલ્પ જાહેર કરી વર્તમાન ટીમને સતત પ્રોત્સાહિત કરવામાં આવે છે જે આનંદ અને ગૌરવની બાબત છે. આ સેવાઓ સતત ચાલુ રહે તે માટે આવા જાહેર કરેલા અનુદાન સમયસર માતૃસંસ્થાને પહોંચે તે એટલું જ અનિવાર્ય છે. વર્તમાન નાણાંકીય વર્ષ પૂર્ણ થવામાં જૂજ દિવસો બાકી હોઈ આપના દ્વારા શુભ આશયથી સંકલ્પિત ભાગવત વિદ્યાપીઠ, આરોગ્ય, શિક્ષણ, શુભેચ્છા ભેટ કે સિધ્ધપુર મુકામે યોજાયેલા માતૃતર્પણ અને માતૃવંદના મહોત્સવમાં યથોચિત્ રીતે જાહેર કરાયેલ ધનરાશિ જો જમા કરાવવાની બાકી હોય તો સત્વરે આ અંગે ઘટતું કરી અમોને આભારી કરશો, આપના સતત સાથ સહકારની અપેક્ષા સહ...

હિંમતભાઈ કે. કોટક
નીતીન જી. પાંધી
ખજાનચીઓ

હિમાંશુ બી. ઠક્કર
પિયુષ જી. ગંઠા
મંત્રીઓ

તંત્રી સ્થાનેથી



# ઘર : મૂલ્ય શિક્ષણનું ધરુવાડિયું

ગત અંકનાં તંત્રી લેખમાં 'સમાજ જીવન અને માનવમૂલ્યો'ની વિવિધ ક્ષેત્રે ચર્ચા કરતા કરતા એવા સમાપન પર આપણે પહોંચ્યા હતા કે મૂલ્યોનું આરોહણ થઈ શકતું નથી, એ તો પારિવારિક પરિવેશમાંથી સહજ રીતે પ્રાપ્ત થયા હોય છે. ઘર એ જ મૂલ્ય શિક્ષણનું ધરુવાડિયું છે. ઘર અને ગૃહસ્થજીવન એક પ્રાકૃતિક, સ્વાભાવિક, જરૂરી તથા સર્વસુલભ પ્રયોગશાળા છે. જો તેનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે તો વ્યક્તિની મૂલ્યનિષ્ઠ ઉન્નતી સહેલાઈથી થઈ શકે છે.

બાળકથી માંડીને વડીલ વર્ગ બધા જ અત્યારે સમયની કટોકટીનો સામનો કરી રહ્યા છે. આને કારણે દરેક વ્યક્તિ તનાવગ્રસ્ત રહે છે. આની અસર આપણી સંવેદનાઓ પર પડે છે. આ પરિસ્થિતિમાં વ્યક્તિનો સામાજીક અને ભાવાત્મક વિકાસ અત્યંત જરૂરી છે અને તે વિકસવાની જમીન-જડ તો ઘર અને પરિવાર ગણાય. આ ઘર અને પરિવારનું સમતોલપણું જળવાઈ રહે અને સામાજીક મૂલ્યોનું જતન અને સંવર્ધન થાય તે માટે સજાગ રહેવાની આપણી અપેક્ષા કરતા ફરજ બને છે. જેવી રીતે એક માળી જે બગીચાની જવાબદારી લે છે, તેને હર્યોભર્યો રાખવા માટે તેમાંના ઝાડીઝાંખરા દૂર કરીને તેને ફૂલો તથા ફળોથી ભરપૂર બનાવવા માટે તનતોડ મહેનત કરે છે, તેવી જ રીતે ઘરના પરિવારજનોનો દૃષ્ટિકોણ પણ એવો જ હોવો જોઈએ. આજે મૃતઃપાય થઈ રહેલી મૂલ્યોની પાઠશાળા ઘર ને પુનઃ સજીવન કરવું પડશે. તૂટી રહેલા કુટુંબજીવનને સ્થિર કરવું પડશે. માતા-પિતા અને વડીલોએ બાળકોમાં સંસ્કારસિંચન માટે જવાબદારીપૂર્વક વર્તન કરી મૂલ્યનિષ્ઠ આચરણ કરવું પડશે.

સ્વસ્થ શરીર, સ્વચ્છ મન અને સભ્ય સમાજની રચનામાં યોગદાન આપવાનું સર્વોત્તમ એકમ આપણું કુટુંબ છે. જો આપણે તેનું નિર્માણ સારી રીતે કરીશું તો તે આપણી પોતાની, જ્ઞાતિની, દેશની અને સંસ્કૃતિની મોટી સેવા કરી ગણાશે. આ નિર્માણ નીચેના પ્રકલ્પોના સંકલ્પો દ્વારા થઈ શકે.

**પરિવારનું પ્રશિક્ષણ**

શાળા કે કોલેજના વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ નક્કી હોય છે. બાળકો કે વિદ્યાર્થીઓ તે ભણે છે અને તેના બધા મુદ્દાઓને યાદ રાખે છે, પરંતુ કુટુંબના સભ્યોમાં સદ્‌ગુણોની વિકાસ કરવાનો ઉદ્દેશ્ય મૌખિક રીતે પૂરો થતો નથી. એમાં પોતાના આચરણનું મહત્ત્વ વધારે હોય છે. આથી કુટુંબના વડાએ તથા વરિષ્ઠ સભ્યોએ પોતાના ઉત્તમ વ્યવહાર દ્વારા પરિવારજનોને પ્રશિક્ષણ આપવું જોઈએ. બાળકો અને તરૂણો આપણી વાણી અને શીખામણ કરતા આપણા વર્તન, વ્યવહાર અને આચરણમાંથી ઘણું બધું શીખે છે. ઘરના મોભી કે વરિષ્ઠ વ્યક્તિઓની વાણી અને વર્તાવમાં ભિન્નતા હોય તો અન્ય સભ્યો પર તેની અવળી અસર થાય છે. ભૌતિક સમૃદ્ધિ ભલે ગમે તેટલી વધારવામાં આવે પણ જો આત્મિક સદ્‌ગુણોનો વિકાસ નહિ હોય તો પરિવારમાં સંસ્કાર, સંપ, સુહૃદતા અને એકતાના ગુણોનો વિકાસ નહિ થાય.

**સુઘડ દિનચર્યા અને સુવ્યવસ્થા**

પરિવારના મોટા સભ્યોનું આચરણ જોઈને નાનાઓ શીખે છે, આથી તેમણે પોતાની જીવનચર્યાને ઉત્કૃષ્ટ રાખવી જોઈએ. હાથી જ્યારે નદી કે તળાવમાં ઉતરે છે ત્યારે દરેક પગ ખૂબ સાચવીને અને ખાતરી કરીને મૂકે છે. કૌટુંબિક જીવનમાં બૂરાઈઓ અને બુરી

આદતો ઘૂસી ન જાય તે માટે ઘરના વડીલોની દિનચર્યા સ્વચ્છ અને સુઘડ હોવી જોઈએ. એ જ રીતે પરિવારમાં કોઈ પણ પ્રકારની અવ્યવસ્થા અશાંતિ ઊભી કરી શકે છે, તેથી ઘરના મોભીઓ, મોટેરાઓ અને માતાઓએ પરિવારમાં ચૂસ્તપણે સુવ્યવસ્થા જાળવવી જોઈએ.

**ખોરાક - ફૂડ હેબીટ**

આજે દરેક પરિવારના ફૂડ હેબીટમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. હોટલ, રેસ્ટોરા, લારી-ગલ્લા, જંકફુડ અને પેકેજડ ફૂડના ચટાકેદાર અને સ્વાદિષ્ટ ખોરાકની બોલબાલા અને ઘેલછા વધી છે, જેની સીધી અસર આપણા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ઉપર પણ જરૂર પડે છે. બહારનો ખોરાક ન જ ખાવો એ નિયમનું પાલન કરવું આજના સમાજ જીવનમાં કઠીન છે પરંતુ તેનું પ્રમાણ માપસર હોય તો તેની અવળી અસરથી બચી શકાય છે. "જેવું અન્ન એવો ઓડકાર" મુજબ સાત્વિક આહારથી આરોગ્ય બુદ્ધિ, બળ, આયુષ્ય, વૈચારિકતા અને સુખ આ બધામાં વધારો થાય છે. આથી ઉલટું, રાજસી અને તામસીક ખોરાક ભલે ગમે તેટલો સ્વાદિષ્ટ તથા ચટાકેદાર હોય છતાં અંતે તે રોગ, ઉગ્રતા, દુ:ખ અને ચિંતા પેદા કરનાર જ સાબિત થાય છે.

**સહચાર્ય અને સહભોજન**

ઘરના અબાલ વૃદ્ધ સૌએ દરરોજ ઓછામાં ઓછા એક કલાક સાથે બેસીને વિચાર વિનિમય કરવો જોઈએ. આખાય દિવસ દરમિયાનના પોતાના ભણતર, નોકરી કે ધંધાના સારા-નરસા અનુભવો, સમસ્યાઓ, એકબીજાને શેર કરવા જોઈએ. આનાથી મોટાઓના વિવિધ અનુભવોના નિચોળરૂપે એકબીજાને યોગ્ય સલાહ ને શીખામણ ઘરમાંથી જ મળે છે. ઘરમાં પણ એકબીજાની મુશ્કેલીઓ સમજી દૂર કરવી જોઈએ. કોઈ ગેરસમજ હોય તો હકારાત્મક અભિગમથી દૂર કરવી જોઈએ. પરિવારના સભ્યોમાં મતભેદ થાય પણ મનભેદ ક્યારેય ન થાય તે કાળજી રાખવી દરેકની ફરજ છે. એનાથી મનોમાલિન્ય દૂર થાય છે, પરિવાર તૂટતો બચે છે અને એકબીજા સાથેના સંબંધો ઘનિષ્ઠ બને છે. "જેના અન્ન જુદા તેના મન જુદા". જો આ ન થવા દેવું હોય તો દિવસના એક વખત તો પરિવારના દરેક સભ્યોએ ભેગા બેસીને જમવું જોઈએ. આવું કરવાથી નિકટતા અને અંદરોઅંદરનો સ્નેહ વધે છે. ભોજનમાં લાગણી અને સ્નેહ ભળે છે, જે મનોશારિરિક સ્વસ્થતા વધારે છે.

**આસ્તિકતા :**

વૈજ્ઞાનિકો પણ હવે તો સ્વીકારતા થયા છે કે આસ્તિક વ્યક્તિ નાસ્તિક કરતા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય વધુ સારુ ભોગવે છે. ધાર્મિકતા અને ઈશ્વરની ઉપાસનાથી બુદ્ધિની સૂક્ષ્મ ગ્રહણશીલતા અને સંસ્કારોની સંવેદનશીલતા જાગ્રત થાય છે. ધર્મપરાયણતાની સાથે સાથે સ્વચ્છતા, સુઘડતા, શારીરિક શ્રમ, સમયનો સદ્‌ઉપયોગ, મધૂરવાણી, સેવા ને સહાનુભૂતિ જેવા સદ્‌ગુણોથી ઘર મૂલ્ય શિક્ષણનું ધરુવાડિયું બને છે.

ટૂંકમાં, "ઘર એટલે જ્યાં ઘડપણ ઘુંટાતું ન હોય, બાળપણ મૂરઝાતું ન હોય અને યૌવન વેડફાતું ન હોય !! જ્યાં વિનય, વિવેક, નમ્રતા, માન, મર્યાદા, કાળજી, જતન, પ્રેમ જેવા શબ્દો માત્ર શબ્દકોષની શોભા જ વધારતા ન હોય પણ સ્વયંભૂ રીતે દરેકમાં સ્વાભાવિક રીતે જ તેનું સામ્રાજ્ય ઓતપ્રોત થયેલું જોવા મળે અને દરેકનો સમાન આદર થતો હોય." જ્યાં સાંજે ઘરે જવાના સમયે મોબાઈલ વિના હૈયાના દરવાજે 'ક્યાં પહોંચ્યા'નો પ્રેમારવ કાને અથડાય અને હાથ કામ આટોપવા દોડતા થઈ જાય એનું નામ ઘર. દરેક ઘરમાં એક વ્યક્તિ બીજા વ્યક્તિ જેવી હોતી જ નથી. પણ જે ઘરમાં પ્રેમ નામના અઢી અક્ષરનું સામ્રાજ્ય હોય ત્યાં બધા હળીમળીને સંપથી રહે છે અને પરિણામે મૂલ્યો ને સદ્‌ગુણો આપોઆપ જ જળવાય છે. એટલે જ તો એક શાયરે કહ્યું છે :

**'હે પરવર દિગાર મુજે ઇતના માતબર કર દે,**

**જિસ મકાન મેં મૈ રહતા હૂં ઉસે ઘર બના દે!!"**

- પ્રોફે. ચંદ્રકાન્ત જે. તન્ના



# હનુમાન જયંતી



જગતમાં સાત ચિરંજીવીઓમાં (અમર આત્માઓ) જેની ગણતરી થાય છે એવા શ્રી રામભક્ત હનુમાનનો જન્મ ચૈત્ર સુદ પૂનમને દિવસે થયો હતો. હનુમાનજીના જન્મની પૂર્વકથા વિલક્ષણ છે. પુંજિકથલા નામની સ્વર્ગની અપ્સરાને અંગિરાઋષિએ વાનરીદેહ પામીશ અને પૃથ્વીલોકમાં જઈશ એવો શાપ આપ્યો. પુંજિકસ્થલાએ માફી માગી ત્યારે ઋષિએ આશીર્વાદ આપતાં કહ્યું, ‘‘તારે ત્યાં એક મહાન ભક્તનો જન્મ થશે. જે ભગવાનની અખંડ સેવામાં રહેશે.’’ આ અપ્સરા વાનરરાજ કુંજરની પુત્રી અંજની તરીકે જન્મી અને સુમેરુ પર્વતના કપિરાજ કેસરી સાથે તેનાં લગ્ન થયાં. કેસરી અને અંજનીના તપથી, મહાદેવની, પ્રસન્નતાથી, ભૂદેવના આશીર્વાદથી ચૈત્ર સુદ પુનમના દિને અંજનીના કૂખે શ્રી હનુમાનનું પરમ પાવનકારી પ્રાગટ્ય થયું.

નાનપણથી જ હનુમાન ખૂબ તેજસ્વી અને ચંચળ હતા. તેમને જનોઈ આપવામાં આવી ત્યારે સૂર્યને ગુરુ માની તેમણે જ્ઞાનપ્રદાન કરવા વિનંતી કરી, સૂર્યદેવે તેમને અનેક શસ્ત્ર અસ્ત્રનું જ્ઞાન આપ્યું. નાનપણમાં આ જ સૂર્યદેવને જ પાકેલું ફળ સમજી હનુમાનજીએ તેમને ગળી જવા છલાંગ લગાવી અને ગળી જવા તૈયાર થયા. પરંતુ ઈન્દ્રદેવે પોતાનું વજ્ર મારીને તેમને પાછા વાળ્યા.વજ્રપ્રહારથી બાળમારુતિની હનુ (દાઢી) ભાંગી ત્યાંથી મારુતિ હનુમાનના નામે પ્રસિદ્ધ થયા. પછી તો તેમણે વરુણદેવ પાસેથી વરુણપાશનું બંધન નહીં નડે. યમરાજા પાસેથી અજયોત્વ અને ચિર ઉત્સાહનું, બ્રહ્મા પાસેથી યુદ્ધમાં શત્રુને ભય પમાડવાનું, મિત્રોનો ભય દૂર કરવાનું, ઈચ્છા પ્રમાણે વિવિધરૂપો ધારણ કરવાનું, શિવજી પાસેથી દીર્ઘ આયુષ્યનું અને સમુદ્ર ઉલ્લંઘન કરવાનું સામર્થ્યનું વરદાન મેળવ્યું, આવી શક્તિઓ મળવાથી હનુમાન ખૂબ ઉન્મત્ત, અભિમાની બની ગયા અને ઋષિઓને હેરાન કરવા લાગ્યા. એક વખત ધ્યાનમાં લીન થયેલા ઋષિને હનુમાને પજવ્યા તેથી ભૃગુઋષિ અને અંગિરાઋષિએ શાપ આપ્યો કે તમારી શક્તિઓનું તમને વિસ્મરણ થઈ જશે અને કોઈ દેવ સમાન વ્યક્તિ જ તે યાદ કરાવશે અને શક્તિનો ઉપયોગ કરાવી શકશે. આ પછી હનુમાન સામાન્ય વાનરની જેમ રહેવા લાગ્યા. થોડાક વર્ષે યુવાન થઈ કિષ્કિન્ધામાં સુગ્રીવના મંત્રી તરીકે રહ્યા અને છેવટે સીતાજીની ભાળ મેળવવા રામ-લક્ષ્મણ આવ્યા ત્યારે પ્રભુ રામ સાથે તેમનું મિલન થયું. હનુમાનજીએ પોતાના જીવનનું અંતિમ ધ્યેય, પોતાના અવતાર લેવાનો હેતુ, પોતાના આરાધ્ય મળી ગયા અને સાથે જ તેમનું નવજીવન શરૂ થયું. રામના કાર્યમાં મદદદ કરવા સુગ્રીવ અને હનુમાનજીએ મોટી વાનરસેના એકઠી કરી. જાંબુવાનની ટુકડી સાથે હનુમાન સમુદ્રકિનારે પહોંચ્યા. ત્યારે જાંબુવાને હનુમાનજીને તેની બળશક્તિનું સ્મરણ કરાવ્યું અને ‘જય શ્રી રામ’ના નાદ સાથે મારુતિનંદને સમુદ્રલંઘન કરવા મોટું સ્વરૂપ ધારણ કરી એક મોટી ફલાંગ મારી. લંકા જઈ દેવી સીતાની શોધ કરી, લંકાનું નિરીક્ષણ કર્યું, વિભીષણને મળ્યા. અશોકવાટિકાને ખેદાનમેદાન કરી અને છેવટે લંકાદહન કરી પોતાની શક્તિસિદ્ધિનો પરિચય આપ્યો અને રામ પ્રભુ પાસે પરત ફર્યા, પાછા ફરી પ્રભુ નામે પત્થરો પણ તરાવી સમુદ્ર પર સેતુ બાંધ્યો અને પાછા રામ સેના સાથે હનુમાન લંકાનગરી આવ્યા. પોતાના અતુલ્ય બળપરાક્રમથી રામ-રાવણ યુદ્ધમાં હજારો અસુરોને યમધામ પહોંચાડ્યા, ઈન્દ્રજીતના બાણથી મૂર્છિત રામ-લક્ષ્મણ માટે સંજીવની બુટ્ટી લેવા ગયા અને જડીબુટ્ટીને બદલે આખો દ્રોણાચાર્ય પર્વત ઊપાડી લાવ્યા. ભગવાનની દાસત્વ ભક્તિવાળામાં ભક્તિભાવ કેટલું અમાપ બળ જગાડે છે તેનું આ ઉત્તમ દૃષ્ટાંત છે. છેવટે રાવણ પર વિજય પામી રાવણવધ કરી શ્રી રામચંદ્રજી સાથે હનુમાનજી પણ અયોધ્યા આવ્યા. રામચંદ્રજીના રાજ્યાભિષેક વખતે સીતામૈયાએ તેમને મોતીની કીમતી માળા ભેટ આપી. પણ તેમાં રામ ક્યાં ? રામ વિનાની એકે વસ્તુ હનુમાનને



શેની ભાવે ? તેમણે કહ્યું, 'આમા રામ નથી. તેથી મારે આનું શું કામ ?' રાજસભામાં કોઈએ પૂછ્યું, 'તમારા શરીરમાં સીતારામ છે ?' તો ભક્ત હનુમાને છાતી ચીરીને રામસીતાના દર્શન કરાવ્યાં. ભગવાન તો આવી ભક્તિ જોઈ હનુમાનને ભેટી પડ્યાં. સાથે વરદાન પણ આપ્યાં કે જ્યાં મારી કથા હશે ત્યાં તું મારી સમક્ષ હોઈશ જ, ક્યારેય મારાથી દૂર નહીં રહે અને સાથ રામકથા સાંભળવા અને કરવા માટે ચિરંજીવીપણાનું વરદાન પણ આપ્યું ત્યારથી હનુમાન આજ સુધી અમર રહી વિચરણ કરે છે એવી માન્યતા પણ છે. આવા હનુમાનનું નામ અને સ્વરૂપ ચિરંજીવ છે. જાતજાતની પીડાઓથી દુઃખી થયેલા, શિક્ષિત-અશિક્ષિત, નાના-મોટાં સૌ કોઈ સંકટ સમયે હનુમાનમૂર્તિ સમક્ષ હાથ જોડી ઊભા રહે છે. હનુમાનજી સૌ ભક્તોના સંકટ હરનાર છે તેથી તેને સંકટમોચન પણ કહ્યાં છે. દેવ તરીકે આસ્તિક-નાસ્તિક, હિંદુ-અહિંદુ, જૈન, મુસ્લિમ, પારસી સૌ કોઈમાં તેઓ સરખા આદરથી પૂજાય છે. હનુમાન બળ અને બુદ્ધિથી સંપન્ન હતા, મહર્ષિ વાલ્મિકી "બુદ્ધિમતાં વરિષ્ઠમ્" કહ્યાં છે. તેમનામાં માનસશાસ્ત્ર, રાજનીતિ, સાહિત્ય, તત્વજ્ઞાન વગેરે શાસ્ત્રોનું ઊંડું જ્ઞાન હતું. ચૌદવિદ્યા, છંદ, ન્યાય અને વ્યાકરણશાસ્ત્રમાં તેઓ પારંગત હતા, તેઓ શ્રેષ્ઠ સંગીતજ્ઞ તથા ગાયક પણ હતા. તેમની વક્તૃત્વશક્તિ અને મુત્સદ્દીગીરી અજબની હતી. તેમની મુત્સદ્દીગીરી અને વિદ્વતા પર રામને અદ્ભુત વિશ્વાસ હતો તેથી જ શત્રુરાજ્યનો મંત્રી રાવણનો ભાઈ વિભીષણ રામની શરણે આવ્યા અને સૌએ તેને સ્વીકારવાની ના પાડી ત્યારે રામચંદ્રજીએ હનુમાનનો મત પૂછ્યો અને હનુમાનના મત પ્રમાણે વિભીષણનો સ્વીકાર કર્યો. સીતાની ખોજ કરવાનું કાર્ય પણ હનુમાનને સોંપ્યું અને રાવણના મર્યા પછી સીતાને સંદેશો આપવા પણ રામે હનુમાનજીને જ સીતા પાસે મોકલ્યા હતા. હનુમાનજી આજન્મ નૈષ્ઠિક બ્રહ્મચારી છે તેમને બ્રહ્મચર્ય દૃઢ હતું ! દેવી-સીતાની ખોજ માટે લંકામાં તેમણે મંદોદરી તથા બીજી અનેક સ્ત્રીઓ જોઈ પણ તેમના મનમાં વિકાર ઉત્પન્ન થયો કે મન વિચલિત ન થયું. હનુમાનજી પાસે મુત્સદ્દીગીરી, સ્વતંત્રબુદ્ધિ અને પ્રજ્ઞાશક્તિ હતી. પ્રભુ રામના મનમાં સુગ્રીવ માટે વિશ્વાસ પેદા કરવો. વાલીના વધ પછી તેના પુત્ર અંગદને રામ-સુગ્રીવના પક્ષે વાળવા અને અશોકવાટિકામાં દેવી-સીતા સમક્ષ રામદૂત તરીકે પોતાનામાં વિશ્વાસ ઉત્પન્ન કરવો એ તેમની આ શક્તિનો પરિચય કરાવે છે. હનુમાન પરાક્રમ અને બળની મૂર્તિ છે. ભક્તિભાવ અને બ્રહ્મચર્યના તેજથી તેઓ આકાશમાં ઊડી શકતા. અણિમા-લઘિમા જેવી સિધ્ધિ તેમને સહજ હતી. તેથી તેમને યોગી પણ કહેવાયા છે. તેમનામાં ભક્તિ અને શક્તિનો સમન્વય છે. શિવાજીના ગુરુ સમર્થ રામદાસે બળ ઉપાસના માટે અખાડાઓ અને વ્યાયામશાળાઓનું સ્થાપન કર્યું હતું. પરંતુ કેવળ શક્તિથી માણસ પશુ કે રાક્ષસ બને એ વાત ધ્યાનમાં રાખી તેમણે દરેક અખાડામાં મારુતિ મંદિર કે મારુતિની મૂર્તિના સ્થાપના કરાવી. વ્યાયામથી મેળવેલ શક્તિ માત્ર રાવણની જેમ દુષ્કર્મમાં નહીં પરંતુ હનુમાનની જેમ ભગવદ્ કાર્યમાં વાપરવી એવો એનો હેતુ હતો. પણ આ બધામાં સૌથી વિશેષ છે હનુમાનનો દાસત્વ ભાવ, ભક્તિભાવ, હનુમાનને રામ પરથી પ્રેમભક્તિ ઓછી ન થાય અને રામ સિવાય મનમાં બીજો ભાવ જ ન આવે એટલું જ રામ પાસેથી વરદાનમાં માગ્યું છે. 'દાસ મારુતિ' કે 'વીર મારુતિ' એ બેમાંથી શ્રીરામના 'દાસમારુતિ' તરીકે ઓળખાવાનું જ તેમણે પસંદ કર્યું છે. રામની સેવામાં પ્રાણ પાથરી દેવા તે હંમેશા તત્પર રહેતાં. તેથી જ રામના દેવાલયની પૂર્ણતા હનુમાનની મૂર્તિ સિવાય થતી નથી. આવા ભક્ત વિના તો પ્રભુરામ પણ અધૂરા છે. હનુમાન દાસત્વથી ભરપૂર એવા અહંકારશૂન્ય ભક્તરાજ છે. તેમની ભક્તિ જોઈ પ્રભુએ તેમને 'પુરૂષોત્તમ'ની પદવી આપી અને પોતાની જોડે સ્થાન આપ્યું. આજે હજારો વર્ષથી 'જનસમુદાયનાં હૃદયમાં રામ જેટલું જ પૂજનીય સ્થાન હનુમાનનું છે.' ભારતમાં નાના-મોટાં થઈને સૌથી વધુ મંદિર - દેરીઓ હનુમાનજીની છે. આજે ઠેર ઠેર રાવણો જાગ્યા છે ત્યારે જ સમાજને ખરા રામ અને હનુમાનની જરૂર છે. આજે રાવણ જેવી વૃત્તિનું દહન કરનાર વીરમારુતિની જરૂર છે. માત્ર બે-પાંચ રૂપિયાના તેલ, સિંદૂર અને આંકડાની માળા ચઢાવવામાં જ લોકો શ્રદ્ધા ફળિભૂત થતી માને છે. શનિવારે તેલ ચઢાવીને સિંદૂરનું ટપકું લમણે કરી લેવામાં ભક્તિ આવી જતી નથી. હનુમાનની જેમ રામકાર્ય કરવા કટિબદ્ધ થવું પડશે, ઊઠવું - જાગવું પડશે તેવા પ્રયત્ન કરનારન સભ્યોની જ હનુમાન જયંતી ઉજવણી સાર્થક થઈ ગણાય.

- પ્રદીપભાઈ ખીમાણી
સરસ્વતી સ્કૂલ, જુનાગઢ






# વેકેશનમાં શું કરશો ?



શાળાકીય સત્રાંત કે વાર્ષિક અને બોર્ડની જાહેર પરીક્ષા જ્યારે પૂરી થાય કે તરત ૨૧ દિવસનું દિવાળી વેકેશન અને ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન ટપકી પડે છે ! સૌને લાગશે કે હાશ ! છૂટ્યા ! પરંતુ ૭ મી મેથી ૧૦ જુનના સમયગાળામાં શું કરશો ! રજાઓમાં ઘેર બેઠાં કે મિત્રોના ઘરે જઈ ગપ્પા મારવા ? હાથમાં બબ્બે મોબાઈલ રાખી સતત વાતો કરવી કે ગીતો સાંભળવા ? આખો દિવસ ટીવી સામે રહી બેઠાડું જીવન ગાળવું કે ધોમધખતા બપોરે ખુલ્લાં મેદાનોમાં ક્રિકેટ રમ્યા કરવું ? આવા લાંબા વેકેશનોમાં જો સર્જનાત્મક અને રચનાત્મક, મુલ્યલક્ષી પ્રવૃત્તિ ન થાય તો આપણું વેકેશન નિરર્થક બની જશે. રજાઓમાં આળસ ખંખેરી વિદ્યાર્થીઓએ નીચે જણાવેલ સુંદર મજાની પ્રવૃત્તિઓમાં જોડવા અને તેમના મનને પ્રવૃત્તિમય રાખવા જોઈએ. 'ફરે તે ચરે ને બાંધ્યો ભૂખે મરે' એ ઉક્તિ મુજબ ઘરની દુનિયાનો મોહ છોડી કુદરતના ખોળે જઈ, પંખીઓની જેમ મુક્ત વિહાર કરે તેનું જ વેકેશન સફળ બની શકે છે.

**અભ્યાસપૂરક અને અભ્યાસપ્રેરક પ્રવૃત્તિઓ**

પાઠ્યપૂસ્તકો, સંદર્ભ પુસ્તકો, બાળસાહિત્યના પુસ્તકો, સામયિકો તેમજ વર્તમાનપત્રો અને તેની વિશેષ ઉપયોગી પૂર્તિઓનું સવારે કે સાંજે વાંચન કરવું. શાળાનાં હસ્તલિખિત કે અન્ય મેગેઝીનો માટે ટૂંકા - પ્રેરક લેખો લખવા. આગામી ધોરણોમાં ઉપયોગી બને તેવા શિક્ષકે આપેલા આદર્શ નિબંધો, વાર્તા, પત્રો, અહેવાલો ને અર્થવિસ્તાર લખવા. વિજ્ઞાન, આરોગ્ય, સાહિત્યજગત, રમતગમત, ગુજરાત, ભારત અને વિશ્વને લગતી જનરલ નોલેજ માટે જાણવા જેવી માહિતી એકત્ર કરી તેની ફાઈલ કે નોટબુક બનાવવી. પ્રોજક્ટ્સ, મોડેલ, સ્પોકન ઈંગ્લીસના વર્ગોમાં જોડાવું કે કમ્પ્યુટર શીખવું વગેરે...

**પ્રવાસ પર્યટન**

મે-જૂન માસના સમયગાળા દરમિયાન આકરો તાપ વરસી રહ્યો હોય છે. જ્યારે પ્રવાસ - પર્યટનને અચૂક સ્થાન આપવું. બાળકોને હરવા-ફરવાનું તો ગમતું હોય છે.

**પ્રવાસ-પર્યટનના ત્રણ સ્વરૂપો**

૧. શૈક્ષણિક પ્રવાસ કે જેમાં અભ્યાસક્રમ આધારિત પ્રવાસ - પર્યટન સ્થળઓની મુલાકાત લેવી. જેમાં સાયન્સ સિટી, અમુલ ડેરી, ઈસરો, ગ્રહન ક્ષત્રાલય વગેરે.

૨. ઐતિહાસિક સ્થળો જે સામાજિક વિજ્ઞાન વિષયમાં સમાવિષ્ટ હોય છે તેની મુલાકાત લઈ શકાય. જેમ કે આગ્રાનો તાજમહલ, સીદી સૈયદની જાળી, અજંતા-ઈલોરાની ગુફા, સૂર્યમંદિર (મોઢેરા) વગેરે.

૩. ધાર્મિક સ્થળો જેવા કે શિરડી સાંઈમંદિર, અક્ષરધામ, અંબાજી, પાવાગઢ, ડાકોર, સોમનાથ મંદિર સૂર્યમંદિર (મોઢેરા) વગેરે.

૪. અનુકૂળ વાતાવરણ માટે હિલ સ્ટેશનો જેવાં કે ઉટી, મસુરી, નૈનિતાલ, સિમલા, માઉન્ટ આબુ વિગેરેની મુલાકાત.

**આગલા ધોરણનો અભ્યાસ**

બાળકને વાર્ષિક પરીક્ષામાં પાસ થયા બાદ વેકેશનની રજાઓ પૂર્ણ થતાં ઉપલા વર્ગમાં બઢતી આપવામાં આવે છે. બાળકોને ઉપલા ધોરણના અભ્યાસ પ્રત્યે અભિમુખ કરવા માટે જે તે ધોરણના પુસ્તકો મેળવી આપવા જોઈએ જેથી તેઓ વેકેશનના સમયમાં જે તે વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે. અહીં વિદ્યાર્થીલક્ષી અભિગમ રાખવો.



## <u>શૈક્ષણિક સાધનોનો વપરાશ</u>

વિજ્ઞાન અને ટેક્નોલોજીના યુગમાં અધ્યયન - અધ્યાપન પ્રક્રિયામાં પરિવર્તન આવ્યું છે. વિવિધ શૈક્ષણિક સાધનો પ્રાપ્ત થતાં ઘરમાં પણ સ્વ-અધ્યયન કરી શકે છે. વિવિધ વિષયોના વિષયવસ્તુ આધારિત સિડી / ડીવીડી કેસેટો તૈયાર કરવામાં આવી છે જે બજારમાં પ્રાપ્ત છે તેને ઘરમાં લાવી અચૂક ઉપયોગ કરવો. કમ્પ્યુટર - લેપટોપનો પણ શૈક્ષણિક સાધન તરીકે સહયોગ લઈ શકાય.

## <u>નબળાઈઓની ઓળખ અને સુધારણા</u>

બાળકોમાં અભ્યાસકાળ દરમિયાન વિષયવસ્તુમાં નબળાઈઓ રહી જતી હોય છે જેમ કે ગણિતના દાખલા, વિજ્ઞાનના સમીકરણો, ભાષામાં જોડણી અને વ્યાકરણ તથા નબળા હસ્તાક્ષરને સમાવિષ્ટ કરી શકાય. આવી નબળાઈઓનું નિદાન કરીને ઉપચારાત્મક કાર્યક્રમ અપનાવવો જોઈએ. વેકેશનનો સમયગાળો નિદાન અને ઉપચારાત્મક કાર્ય માટે શ્રેષ્ઠ છે.

## <u>ટીવી દ્વારા હાસ્ય એપિસોડ, ફિલ્મ અને કાર્ટૂન શો જોવા</u>

બાળકને અભ્યાસમાં નબળા પડી જાય એવા ડરથી ફિલ્મ અને કાર્ટૂન શો થી અળગા રાખવામાં આવે છે. હાસ્ય એપિસોડ જોવાથી હૃદય પુષ્ટ થાય છે. કેટલીક વાર ટીવીમાં આવતા હાસ્ય અને કાર્ટૂન શો જોવાથી તેમજ સાહસ કથા અને બોધ કથા આધારિત ફિલ્મો જોવાથી બાળકનો સર્વાંગિ વિકાસ સાધી શકાય છે તેમજ તન, મન પ્રફુલ્લિત બને છે.

## <u>અંતમાં વેકેશનમાં આટલું તો અવશ્ય કરો</u>

- વહેલી સવારે ખુલ્લામાં ૨ થી ૩ માઈલ સુધી ચાલો. ઊંડા શ્વાસ લો, યોગાસન, પ્રાણાયામ કરો. દંડબેઠક, સૂર્યનમસ્કાર કરો, સ્વીમીંગ કે સાકલિંગ કરો.
- નગર, ગામના જાહેર પુસ્તકાલયના સભ્ય બની સુંદર બાળવાર્તા, બાળનાટકોના પુસ્તકો વાંચો, જીવનચરિત્રો, સાહસકથાઓ વાંચો.
- સામાન્ય જ્ઞાન તથા વિજ્ઞાનને લગતા લેખો વાંચો.
- પોતાનાથી પાંચ કે છ વર્ષ નાના ત્રણ અભણોને રસપૂર્વક ભણાવો, ઘરમાં સફાઈના કામ કરો.
- પર્વતારોહણ કે ટ્રેકિંગમાં જોડાઓ.
- ઘરમાં રામાયણ, ભગવદ્ ગીતા વાંચો, કથાવાર્તાઓનું શ્રવણ કરો.
- સાયન્સ સેન્ટરોમાં જઈ પ્રોજેક્ટ - મોડેલ બનાવો.
- શાળાનાં મુખપત્ર કે હસ્તલિખિત અંક માટે સુંદર વાર્તા, કાવ્ય, નિબંધ, લેખ તૈયાર કરો.
- ખેતર-વાડી કે બગીચાની સાફસફાઈ, વજન ઊંચકવું, દોરડાકૂદ, છોડ-ઝાડને પાણી પાવું જેવી શરીર શ્રમની પ્રવૃત્તિ કરો.
- નગર, ગામ, શાળામાં યોજાયેલ રક્તદાન, નેત્રયજ્ઞ, સર્વરોગ નિદાન કેમ્પોમાં જઈ દર્દીઓને મદદરૂપ થાઓ.
- બહેનોએ મહેંદી, સિવણ, ભરતગૂંથણ, ગ્લાસ પેન્ટિંગ, બ્યુટી પાર્લરના વર્ગોમાં જોડાઈ તે શીખી આર્થિક રીતે મદદરૂપ થવું.
- પુસ્તક મેળા, આર્ટગેલેરી, ચિત્રકળા પ્રદર્શન મ્યુઝિયમ, સર્કસ, આનંદમેળાની મુલાકાત લો.






- મુકેશ એ. ગોવાણી
અમદાવાદ













# રામનવમીની ઉજવણી

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ઘોષિત કરાયા મુજબ રામનવમી - રઘુવંશી ગૌરવ દિનની વિવિધ રીતે ઉજવણી રામજન્મોત્સવની સાથે સાથે અન્ય કાર્યક્રમો દ્વારા વિવિધ મહાજનો અને સંસ્થાઓ દ્વારા કરવામાં આવી. તા ૨૫ માર્ચ, ૨૦૧૮ ને રવિવારના રોજ શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય ઉપર પણ આ દિવસને ગૌરવભેર મનાવાયો. મહિલા મંડળના સ્થાનિક સભ્યો સુશ્રી કામિનીબેન ઠક્કર, સુશ્રી ધરાબેન ઠક્કર, સુશ્રી ચંદ્રિકાબેન ઠક્કર, સુશ્રી રીમાબેન ઠક્કર તથા સમગ્ર ટીમે રંગોળી તથા સુશોભન કરેલ. જય જલિયાણ સત્સંગ મંડળ, વેજલપુર દ્વારા રામ-નામની ધૂનથી લગભગ બે કલાક સુધી સમગ્ર વાતાવરણને સત્સંગમય બનાવેલ.

બપોરે ૧૧.૪૫ કલાકે હનુમાન ચાલિસાના પાઠ થયા બાદ બપોરે ૧૨.૦૦ કલાકે રામજન્મોત્સવની ઉજવણી કરી સૌએ ઉત્સાહભેર આ દિવસને યાદગાર બનાવ્યો. શ્રી રામચંદ્ર ભગવાનનું પૂજન તથા અર્ચન શ્રી જયદેવ મહારાજ દ્વારા સૌ ઉપસ્થિત સભ્યોને કરાવવામાં આવ્યું. આ પ્રસંગે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક, સંયુક્ત મંત્રીઓ શ્રી અંજનભાઈ કોટક, શ્રી રઘુવીરભાઈ ગઢિયા, શ્રી શશિકાંતભાઈ કાનાણી, શ્રી રમેશભાઈ અનમી, શ્રી સોનલબેન અનડકટ, ગુજરાત વિભાગના યુવા અધ્યક્ષ શ્રી ધવલભાઈ આચાર્ય વિગેરેએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં હા.ઘો.ક. લોહાણા મહાજનના પ્રમુખ શ્રી અશોકભાઈ ગઢિયા, થરપારકર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ ઠક્કર, શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન અમદાવાદના પ્રમુખ શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી કચ્છ લોહાણા સમાજ અમદાવાદના પ્રમુખ શ્રી જગદીશભાઈ ઠક્કર તથા મહાજન અને સંસ્થાના અન્ય હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા. લગભગ બપોરે ૧૨.૩૦ કલાકે ઉજવણી પૂર્ણ થયા બાદ ફરાળી ભોજન-પ્રસાદનો આનંદ માણી સૌ છૂટા પડ્યા હતા.

- કાર્યાલય

## હાર્દિક શુભેચ્છા સહ



ISCON
BUILDING THE FUTURE

**તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર**
**પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ**
**જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ**

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને
સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં
આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે
યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો
એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

*With Best Regards,*

**Suresh Chandarana**
Vice President, Saurashtra Zone

SINCE 1981 DAE

**DHAVAL AGRI EXPORTS**
Sesame Seeds, Peanuts & Spices Exporter
A-75, Market Yard, Rajkot (Bedi) - 3 Gujarat - India
PH.: +91 - 281 - 2790291 / 2790292 / 2790293
FAX : +91-281-2790294 ◆ Cell : +91-98240 66375
Email : suresh@dhavalagri.com ◆ Website : www.dhavalagri.com

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

**Nitin Raichura**
**98251 75353**

Aan Automobile
Shri Ram Sarvjanik Hospital, Sec.
Shree Grurukupa Shraddha Realities Pvt. Ltd. Builders & Developers
Saurastra Cricket Association, Tre.
The Ferm Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

Gadhiya Travelhub Pvt. Ltd.
Always at your service...
079 4008 2288

OUR SERVICES




Address UGF-7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com



## ધવલ આચાર્ય

Managing Director
ROYAL GROUP

યુવા અધ્યક્ષ
ગુજરાત વિભાગ

કન્વીનર
કેન્દ્ર અને રાજ્ય સરકાર યોજના સેતુ

*Royal House Opp. Karnawati Club, S.G. Highway, Ahmedabad-15*
*Mail Id : dhaval@royalinfra.com ✆ +91-9879100000, +91-9825250403*

## હાર્દિક શુભેચ્છા સહ

**શ્રી રવીન્દ્રભાઈ વાઘાણી**
**પરિવાર, કોલકાતા**



# થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...


હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧

JTC
Jalaram Transport Co.
FLEET OWNERS TRANSPORT
CONTRACTORS & COMMISSION AGENT
H.O. : 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax : 0281-2482185 / 86 - 3290613
Mobile : 93773 56824 To 26
E-mail : jalaram.transport@yahoo.com
E-mail : jalaramtransportraj@gmail.com

Himanshu Thakker
(MBA, MCA, Doctoral Researcher)
www.himanshuthakkar.com
9879301004
9374001004




Career Counselling and expert opinion
- Science or Commerce ?
- Engineering or other courses ?
- India or abroad ?

Assured expert opinion based on aptitude test, psychometric / aptitude test and personal counselling with student / parents about best choice of field and college

Expert Educare Pvt. Ltd.
Career Counselling | Project Consulting | Skill Development - Training Programs

હાર્દિક શુભેચ્છા સહ
શ્રી પ્રવિણભાઈ કાનાબાર
પરિવાર, મસ્કત

હાર્દિક શુભેચ્છા સહ
શ્રી હરેશભાઈ મુડિયા
પરિવાર, મસ્કત

હાર્દિક શુભેચ્છા સહ
શ્રી દિનેશભાઈ પવાણી
પરિવાર, મસ્કત

હાર્દિક શુભેચ્છા સહ
શ્રી જીતુભાઈ તન્ના
પરિવાર, મસ્કત

ADVOCATE
+91 94284 17965
SHYAMAL KIRIT BHIMANI
B.com., LL.B. (HONS.)
Advocate, Gujarat High Court
406/A, Satyamev-II, Nr. Gujarat High Court,
Opp. Kargil Petrol Pump, S.G. Road, Sola, Ahmedabad-60
E-mail : shyamalbhimani.adv@gmail.com




HARSH CLEAN DHAN PVT. LTD.
Regd. Office : 11/2A, Pusa Road, New Delhi-110005
Factory : Maa Umiya Industrial Estate, Plot No. 176, Kapsi Bujurg,
Bhandara Road, Nagpur - 441001 Mob. : 88881 10467 Email : nagpur.woosh@gmail.com

# અંગદાન કરી મૃત્યુ બાદ પણ જીવંત રહીએ


હાર્દિક શુભેચ્છા સહ

શ્રી દિનેશભાઈ મારફતિયા
પરિવાર, જામનગર

ભરતભાઈ રેલીયા, રાજકોટ
૯૮૨૫૦ ૭૮૯૫૯

PHARMA
Distributors

Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

કે. સી. ઠક્કર - ગાંધીધામ
B.E. (Civil) - Engg. & Developer
(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પૂર્વ પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટીઃ શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : શ્રી લોહાણા બોર્ડિંગ (કુમાર છાત્રાલય), રાપર

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી ભરતભાઈ કોટક
અધ્યક્ષ, સ્થાયી સમિતિ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી ધર્મેશભાઈ હરિયાણી
અધ્યક્ષ, શિક્ષણ સમિતિ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી પિયુષભાઈ ગંઠા
મંત્રી, શ્રી લોહાણા મહાપરિષદ

હાર્દિક શુભેચ્છા સહ

શ્રી નિલેષભાઈ કોટક
પ્રમુખશ્રી, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -





# શ્રી લોહાણા મહાપરિષદ

## રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ / ભાગવત વિદ્યાપીઠ સોલા
## સંચાલિત
## શ્રી ખીમજી ભગવાનદાસ આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન

અમદાવાદ ખાતે ભાગવત વિદ્યાપીઠ સંકુલમાં નવીનીકરણ પામી રહેલ અતિથિ નિકેતનમાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ તથા અન્ય દાતાશ્રેષ્ઠીશ્રીઓના સાથ સહકારથી આ કાર્ય આગળ વધી રહ્યું છે પ્રાથમિક તબક્કામાં લોકાર્પણ પામેલ એક વિંગના ૨૦ જેટલા રૂમો ખૂલ્લા મુકાયેલ છે. આ રૂમોના ઉપયોગ માટે સંચાલન સમિતિની બેઠકમાં સુનિશ્ચિત કરાયેલ દરોએ રૂમોની તેમજ અન્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.



## ૨૦ રૂમો, યોગ્ય સગવડો સાથે રોકાણ માટે ઉપલબ્ધ

## રૂમ ચાર્જ : ૯૫૦/-

**સારવાર અર્થે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારો માટે**
**વિનામૂલ્યે રોકાવાની સુવિધા ઉપલબ્ધ.**
**સ્થાનિક મહાજનશ્રીનો ભલામણપત્ર અનિવાર્ય છે.**

વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર : શ્રી મધુકર મજીઠીયા, મો. ૯૯૭૯૮૫૬૭૦૦

## વિભાગીય સમાચાર

# વિદર્ભ સહ મધ્યભારત વિભાગની સામાન્ય સભા



શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ, વિદર્ભ - મધ્યભારત વિભાગની સર્વસાધારણ સભા તા. ૧ એપ્રિલ, ૨૦૧૮ ના મહારાષ્ટ્રના વિદર્ભ પ્રાંતના અમરાવતી શહેરમાં શ્રી લોહાણા મહાજનવાડીમાં સંપન્ન થઈ. સભાની શરૂઆત કરવા પહેલા સભાસ્થળ પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. ખાસ સભાને માર્ગદર્શન કરવા માટે અમદાવાદથી પધારેલા પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તેમજ સાથે આવેલા મહાપરિષદના હોદ્દેદારોના હાથે વૃક્ષ લગાડવામાં આવ્યા.

આ અવસર પર શ્રી કિરીટભાઈ સાથે જ યુવા સમિતિના અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરા (ગોંદિયા), મહાપરિષદના વિદર્ભ - મધ્યભારતના ઉપાધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ દાવડા (નાગપુર), મંત્રી શ્રી કમલેશભાઈ વસાણી (નાગપુર), પી.આર.ઓ. શ્રી ચંદ્રકાંતભાઈ પોપટ, પર્યાવરણ સમિતિ વિદર્ભ - મધ્યભારતના ઉપાધ્યક્ષ શ્રી સુરેશભાઈ વસાણી, મંત્રી શ્રી માનવભાઈ બુધ્ધદેવ, કારોબારી સભ્ય ડૉ.શ્રી નંદકિશોરભાઈ લોહાણા (સર્વે અમરાવતી), શ્રી લોહાણા મહાજન અમરાવતીના ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ રાજા તથા અમરાવતી તેમજ ગામોગામથી પધારેલા પર્યાવરણ સમિતિના કારોબારી સભ્ય ઉપસ્થિત રહ્યા હતા.

વૃક્ષારોપણ પછી સભાસ્થળે પૂજ્ય સંતશ્રી જલારામ બાપાની પ્રતિમાનું પૂજન, દીપપ્રજવલન ને પછી ધ્વજવંદના કરીને સભાની શરૂઆત કરવામાં આવી.

પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, યુવા સમિતિના અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરા, મહાપરિષદના વિદર્ભ - મધ્યભારતના ઉપાધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ દાવડા, મંત્રી શ્રી કમલેશભાઈ વસાણી, પી.આર.ઓ. શ્રી ચંદ્રકાંતભાઈ પોપટ, મહિલા સમિતિ વિદર્ભ - મધ્યભારતના ઉપાધ્યક્ષ સૌ.શિલાબેન પોપટ, પર્યાવરણ સમિતિ વિદર્ભ - મધ્યભારતના ઉપાધ્યક્ષ શ્રી સુરેશભાઈ વસાણી, મંત્રી શ્રી માનવભાઈ બુધ્ધદેવ તથા શ્રી લોહાણા મહાજન અમરાવતીના ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ રાજા મંચ પર બિરાજીત હતા. પર્યાવરણ સમિતિ વિદર્ભ - મધ્યભારતના કારોબારી સભ્ય ડૉ. શ્રી ધિરેન્દ્રભાઈ આડતીયા, અનિલભાઈ ગાથા, એડ.શ્રી ધર્મેશભાઈ સાગલાણી, શ્રી કિશોરભાઈ ભીંડા, સૌ. નેહાબેન રાજા, સૌ.હેતલબેન હિંડોચા તથા સૌ.રાધાબેન રાજાના હસ્તે મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

તે પછી પર્યાવરણ સમિતિના ઉપાધ્યક્ષ શ્રી સુરેશભાઈ વસાણીએ સભાની પ્રસ્તાવનામાં સભાનો ઉદ્દેશ જણાવ્યો. પર્યાવરણ સમિતિના મંત્રી શ્રી માનવભાઈ બુધ્ધદેવએ પર્યાવરણ સમિતિ વિદર્ભ - મધ્યભારતના કાર્ય તેમજ આગામી યોજનાઓ વિશે જાણકારી આપી.

વિદર્ભ-મધ્યભારતના પી.આર.ઓ. શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટે બધા મહેમાનોનો વિશેષ પરિચય આપ્યો. મંત્રી શ્રી કમલેશભાઈ વસાણી તથા યુવા સમિતિના અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરાએ પણ એમના વિચારો વ્યક્ત કર્યા. મહાપરિષદ વિદર્ભ-મધ્યભારતના ઉપાધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ દાવડાએ મહાપરિષદની વિધવિધ યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપી.



પર્યાવરણ સમિતિના તેમજ સભાના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ પર્યાવરણ સમિતિના વૃક્ષ વાવો - ધરતી બચાવો, પાણી બચાઓ - જીવન બચાવો, અન્ન બચાઓ, વીજળી બચાઓ જેવા અભિયાનો વિશે વિગતવાર જાણકારી આપી અને સાથે પ્રાત્યક્ષિક પણ દેખાડ્યા. જ્ઞાતિ, સમાજ અને રાષ્ટ્રની સેવામાં પર્યાવરણ સમિતિના યોગદાનની માહિતી પણ તેઓએ એમના અધ્યક્ષીય ભાષણમાં આપી.

આ સમયે હાલમાં જ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીના હાથે સન્માનિત થયેલા વન અધિકારી તેમજ પર્યાવરણ સમિતિ વિદર્ભ - મધ્યભારતના નવનિયુક્ત કારોબારી સભ્ય શ્રી પ્રભુદાસભાઈ દાવડાનો કિરીટભાઈ ભીમાણીના હાથે સત્કાર કરવામાં આવ્યો. પર્યાવરણ સમિતિના કારોબારી સભ્ય રાજનંદગાવના શ્રી ગોપાલભાઈ ચંદારાણા તથા શ્રી અજયભાઈ જોબનપુત્રા તેમજ અકોલાના શ્રી ગોવિંદભાઈ સોઢાને મહેમાનોના હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા.



ચર્ચાસત્રમાં શ્રી અજયભાઈ વડેરાએ સભામાં ઉપસ્થિત બે વન અધિકારી તેમજ પર્યાવરણ સમિતિના કારોબારી સભ્યો શ્રી મુકેશભાઈ ગણાત્રા તથા શ્રી પ્રભુદાસભાઈ દાવડાના સહયોગથી વિદર્ભ - મધ્યભારતમાં ૧ થી ૭ જુલાઈ







વચ્ચે એક લાખ વૃક્ષો લગાડવાનો પ્રયાસ કરીશું એમ ઉદ્ઘોષ કરતાં જ શ્રી નરેન્દ્રભાઈ દાવડા, શ્રી કમલેશભાઈ વસાણી, શ્રી ચંદ્રકાંતભાઈ પોપટ, શ્રી સુરેશભાઈ વસાણી તથા શ્રી માનવભાઈ બુધ્ધદેવ એ એમની વાતને વધાવી લીધી એ માટે શ્રી કિરીટભાઈ ભીમાણીએ વિદર્ભ - મધ્યભારત વિભાગને શુભેચ્છાઓ આપી.

સભામાં વિદર્ભ - મધ્યભારતના ગામોગામથી આવેલા પર્યાવરણ સમિતિના કારોબારી સભ્યોને શ્રી કિરીટભાઈ તેમજ મંચ પર બિરાજેલા સર્વે મહેમાનોના હસ્તે નિમણૂંક પત્ર વિતરણ સાથે ઉપરણા પહેરાવી સર્વેનું સન્માન કરવામાં આવ્યું હતું.

મહાપરિષદ તેમજ પર્યાવરણ સમિતિના સર્વે હોદ્દેદારો તેમજ કારોબારી સભ્યોના સાથ-સહકારથી સફળતાપૂર્વક સંપન્ન થયેલ સભાની યાદ સદા બની રહે એ માટે શ્રી કિરીટભાઈ ભીમાણી, શ્રી અજયભાઈ વડેરા, શ્રી નરેન્દ્રભાઈ દાવડા તેમજ શ્રી કમલેશભાઈ વસાણીને અમરાવતી નિવાસી વિદર્ભ - મધ્યભારત વિભાગના પી.આર.ઓ. શ્રી ચંદ્રકાંતભાઈ પોપટ, પર્યાવરણ સમિતિ ઉપાધ્યક્ષ શ્રી સુરેશભાઈ વસાણી, મંત્રી શ્રી માનવભાઈ બુધ્ધદેવ તથા મહાજન ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ રાજાના હસ્તે સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવ્યા.

વિદર્ભના બુલઢાણા જિલ્લાના જલગાંમ જામોદથી આવેલ પર્યાવરણ સમિતિના કારોબારી સભ્યોએ મંચ ઉપર જઈને શ્રી કિરીટભાઈ ભીમાણીને પુષ્પગુચ્છ આપી એમનું વિશેષ સન્માન કર્યું. શ્રી કિરીટભાઈએ સભા માટે અમરાવતીથી પધાર્યા ત્યારે માર્ગમાં મલકાપુર રેલવે સ્ટેશન પર ત્યાંના કારોબારી સભ્યોએ એમનું સ્વાગત કર્યું. અમરાવતી માટે બડનેરા રેલવે સ્ટેશન પર ઉતર્યા ત્યારે ત્યાં પણ એમનું બહુ જ ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સભાનું મંચ સંચાલન શ્રી કિરીટભાઈ ગઢિયા તથા એડ. શ્રી ધર્મેશભાઈ સાગલાણીએ કર્યું અને આભારદર્શન ડૉ. શ્રી નંદકિશોરભાઈ લોહાણાએ કર્યું. શ્રી કિરીટભાઈ ભીમાણી દ્વારા કરવામાં આવેલ માર્ગદર્શનથી અમારા ઉત્સાહમાં ખૂબ જ વૃદ્ધિ થઈ છે, શ્રી સુરેશભાઈ વસાણી તથા શ્રી માનવભાઈ બુધ્ધદેવના માધ્યમથી મળતા પર્યાવરણ સમિતિના દરેક નિર્દેશ અને સુચનાઓનું પાલન કરી અમો પર્યાવરણ રક્ષાના કાર્યમાં સતત સક્રિય રહેશું એવા વિચાર ગામોગામથી પધારેલા કારોબારી સભ્યોએ વ્યક્ત કર્યા.

સભામાં વિદર્ભ - મધ્યભારતના ગામોગામથી પધારેલા પર્યાવરણ સમિતિના ૫૦થી વધુ કારોબારી સભ્યો, શ્રી લોહાણા જ્ઞાતિના શ્રેષ્ઠીઓ, શ્રી લોહાણા મહાજન અમરાવતી તેમજ શ્રી લોહાણા નવયુવક મંડળ તથા શ્રી લોહાણા મહિલા મંડળ અમરાવતીના હોદ્દેદારો અને કાર્યકર ભાઈ-બહેનો મળી કુલ ૧૫૦ થી વધુ જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી કિરીટભાઈ ભીમાણીએ સભા માટે ચા-પાણી, નાસ્તો તેમજ ભોજનથી લઈને બધી જ વ્યવસ્થા માટે યજમાન શ્રી ચંદ્રકાંતભાઈ પોપટ તથા શ્રી સુરેશભાઈ વસાણીના અભિનંદન કર્યા હતા. તેમજ સભાના સફળ આયોજનમાં યોગદાન આપનાર શ્રી માનવભાઈ બુધ્ધદેવને ગુડ કો-ઓર્ડિનેટર (ઉત્કૃષ્ટ સમન્વયક) કહીને વધામણી આપી હતી.

**સંકલન : નરેન્દ્ર દાવડા, વિભાગીય ઉપપ્રમુખ**



# સ્થાયી સમિતિઓના અહેવાલ

## પર્યાવરણ સમિતિ




## પાણી બચાવો, જીવન બચાવો





તા.૧૧-૩-૧૮ના રોજ આર્ટ ઓફ લીવીંગ પરિવાર આમગાંવના ચાર સભ્યોને એમના જન્મદિવસે રોપ ભેટ આપીને એમને વૃક્ષારોપણ માટે પ્રેરિત કરવામાં આવેલ. આ અવસર પર શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિના વિદર્ભ-મધ્યભારત વિભાગના કારોબારી સભ્ય શ્રી ભરતભાઈ બુધ્ધદેવ ઉપસ્થિત રહેલ.

તા.૧૯-૩-૧૮ ના રોજ અમદાવાદના ગુરૂકુલ વિસ્તારમાં કુદરત ગ્રુપ - નરોત્તમભાઈ ઠક્કર, યોગેશભાઈ શાહ, શૈલેષભાઈ શાહ, એડ. ચંદ્રકાંતભાઈ ધ્રુવ તથા પર્યાવરણ પ્રેમી મિત્રોની હાજરીમાં વિનામૂલ્યે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવેલ તથા પક્ષી બચાવવાનો સંકલ્પ લેવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ, શ્રી કિરીટભાઈ ભીમાણીએ અતિથિ વિશેષ તરીકે હાજર રહેલ પર્યાવરણ લક્ષી પ્રવૃત્તિઓને બિરદાવેલ.

તા.૧૯-૩-૧૮ ના રોજ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આદિ ફાઉન્ડેશન - હાર્દિકભાઈ સંઘવી, રોહનભાઈ ઠક્કર, મુકુલભાઈ પરમાર તથા પર્યાવરણ પ્રેમી મિત્રોની હાજરીમાં વિનામુલ્યે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદ, પર્યાવરણ સમિતિના અધ્યક્ષ, શ્રી કિરીટભાઈ ભીમાણીએ અતિથિ વિશેષ તરીકે હાજર રહેલ અને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓને બિરદાવેલ.

તા.૨૦-૩-૧૮ (વિશ્વ ચકલી દિવસ)ના ઉપક્રમે પર્યાવરણ સમિતિના ઉત્તર ગુજરાતના કન્વીનર, શ્રી પ્રહલાદભાઈ તન્ના તેમજ ઈકો ક્લબ દ્વારા રવિનગર પ્રા.શાળાના વિદ્યાર્થીઓને ચકલીના માળા તથા પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવેલ.

તા.૨૧-૩-૧૮ (વિશ્વ વન દિવસ)ના ઉપક્રમે પર્યાવરણ સમિતિ, વિદર્ભ સહ મધ્યભારત વિભાગ દ્વારા અમરાવતીના એકનાથ વિહાર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદના પી.આર.ઓ. શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટ, પર્યાવરણ સમિતિ, વિદર્ભ સહ મધ્યભારત વિભઆગના સુરેશભાઈ વસાણી, માનવભાઈ બુધ્ધદેવ, ડૉ. ધિરેન્દ્રભાઈ આડતીયા, ડૉ. નંદકિશોરભાઈ લોહાણા, અનિલ ગાથા તથા એકનાથ પુરમના નિવાસીઓ તથા એકનાથ ક્રિડા મંડળના હોદ્દેદારો હાજર રહેલ.

અર્થ અવર - ૨૦૧૮

પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદના 'વીજળી બચાવો પર્યાવરણ બચાવો' અભિયાન અંતર્ગત 'અર્થ અવર-૨૦૧૮' ની ઉજવણી ૨૪ માર્ચ ના રોજ રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ વચ્ચે વિજ વપરાશ બંધ કરીને કરવામાં આવેલ. અમદાવાદ ખાતે પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, નરોત્તમભાઈ ઠક્કર, ભરતભાઈ અખાણી, WWFના ઉત્સવભાઈ દવે, કોર્પોરેટર કુસુમબેન જોષી તથા પર્યાવરણ પ્રેમી મિત્રો દ્વારા ચાણક્યપુરી ઔડા ગાર્ડન ખાતે દિવડા પ્રગટાવી અર્થ અવરની ઉજવણી કરવામાં આવેલ તથા પર્યાવરણ સમિતિના અધ્યક્ષ, શ્રી કિરીટભાઈએ સૌને અર્થ અવર વિશે માહિતગાર કરેલ અને વિજળી બચાવીને પર્યાવરણ બચાવવાનો સંકલ્પ લેવડાવેલ. એવી જ રીતે પર્યાવરણ સમિતિના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો દ્વારા રાજકોટ (રશ્મિબેન માણેક, સ્મિતાબેન ભીંડા, બિંદિયાબેન અમલાણી, જાગૃતિબેન ખીમાણી, હંસાબેન લાલ, હેમલબેન તન્ના, જયભાઈ ઘેલાણી, રાહુલભાઈ લાલ, નિશિતભાઈ જીવરાજાની તથા શરદભાઈ વિઠલાણી), મુંબઈ (શ્રી લલિતભાઈ







ઠક્કર તથા પરિવાર), થાણે (વાસંતીબેન ગોકાણી તથા પરિવાર), ભૂજ (ભરતભાઈ ઠક્કર તથા પરિવાર), નવી મુંબઈ (સ્વાતિબેન ઠક્કર, નિલેશભાઈ ઠક્કર તથા ઉરન લોહાણા મહાજન) તથા અન્ય સ્થળો પર ઉજવણી કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રા દ્વારા અર્થ અવર - ૨૦૧૮ની ઉજવણી માટે બધાને અભિનંદન પાઠવવામાં આવેલ.

અર્થ અવરની ઉજવણી પર્યાવરણ સમિતિ દ્વારા સતત ત્રણ વર્ષથી કરવામાં આવેલ તથા સમગ્ર રઘુવંશી સમાજને વિવિધ પ્રકારના કેમ્પેઈન દ્વારા માહિતગાર કરવામાં આવેલ. પ્રિન્ટ મિડિયા તથા ઈલેક્ટ્રોનિક મિડિયા દ્વારા પણ આ કાર્ય નોંધ લીધેલ છે. તથા (WWF) સંસ્થાએ પણ અર્થ અવર અભિયાનમાં જોડાવા બદલ પર્યાવરણ સમિતિને અભિનંદન આપેલ.

તા. ૨૨-૩-૧૮ ના રોજ (વર્લ્ડ વોટર ડે) નિમિત્તે તથા પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદના 'પાણી બચાવો - જીવન બચાવો' અભિયાન અંતર્ગત જય જલ્યાણ એજ્યુકેશન ટ્રસ્ટ, વેજલપુરના ટ્રસ્ટીઓ શ્રી મુકેશભાઈ ગોવાણી તથા અલ્પેશભાઈ ગોવાણી દ્વારા ઠંડા મીનરલ વોટરની પરબ ત્રણ મહિના માટે મુકવામાં આવેલ. તેમાં શ્રી લોહાણા મહાપરિષદના જોઈન્ટ સેક્રેટરી મંત્રી શ્રી ભાવેશભાઈ મિરાણી તથા પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા સ્થાનિક પર્યાવરણ પ્રેમી મિત્રો તથા આગેવાનો હાજર રહેલ. આ પ્રસંગે પક્ષીઓ માટે પાણીના કુંડાઓનું વિતરણ કરવામાં આવેલ.

તા. ૨૫-૩-૧૮ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદના પી.આર.ઓ. શ્રી ચંદ્રકાંતભાઈ પોપટના સ્વ.માતુશ્રીની પુણ્યતિથિ દિવસે રવિવારે અમરાવતીના અંધ વિદ્યાલય ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિના વિદર્ભ સહ મધ્યભારત વિભાગના ઉપાધ્યક્ષ શ્રી સુરેશભાઈ વસાણી, કારોબારી સભ્ય ડૉ. ધિરેન્દ્ર આડતિયા તેમજ અન્ય ગણમાન્ય વ્યક્તિઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ.

તા. ૨૫-૩-૧૮ ના રોજ શ્રી રામ જન્મોત્સવની ઉજવણીના ભાગરૂપે પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય કારોબારી સભ્ય, શ્રીમતી સોનલબેન વસાણી તેમજ જસદણ લોહાણા મહાજનના આગેવાનો દ્વારા જસદણ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવેલ.

તા.૩૦-૩-૧૮ ના રોજ શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ, વિદર્ભ સહ મધ્યભારત વિભાગ દ્વારા નાગપુર (શ્રી પ્રભુદાસભાઈ દાવડા), ખામગાંવમાં, શેગાંવ (શ્રી ભરતભાઈ બુધ્ધદેવ) તેમજ મલકાપુર (શ્રી કિરીટભાઈ પોપટ) દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ. મલકાપુરમાં વૃક્ષારોપણ મલકાપુર લોહાણા મહાજન દ્વારા શ્રી હરીધામ ગૌશાળા ખાતે કરવામાં આવેલ.

તા.૩૧-૩-૧૮ ના રોજ જલારામ મંદિર, જલગાંવ જામોદ ખાતે પણ વૃક્ષારોપણ કરવામાં આવેલ. આ ઉપરાંત નવયુવક ગુજરાતી સમાજ દ્વારા વાસીમ ખાતે પણ વૃક્ષારોપણ કરવામાં આવેલ.

પર્યાવરણ સમિતિ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા 'પાણી બચાવો, જીવન બચાવો' અભિયાન અંતર્ગત પણ સોશ્યલ મિડિયા તથા પ્રિન્ટ મિડિયા દ્વારા જનજાગૃતિ માટે કેમ્પેઈનીંગ કરવામાં આવેલ. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી તથા મંત્રી શ્રી ભાવિનભાઈ જોબનપુત્રાએ પર્યાવરણ સમિતિના હોદ્દેદારો તતા કારોબારી સભ્યોને તેમની વિવિધ પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ માટે બીરદાવેલ અને તેમને અભિનંદન પાઠવેલ.

**- કિરીટ ભીમાણી,**

**અધ્યક્ષ**

**શિક્ષણ સમિતિ**



# શ્રી લોહાણા મહાપરિષદ આયોજિત

## આમંત્રણ : કારકિર્દી માર્ગદર્શન અંગે પરિસંવાદ

(આગોતરું રજિસ્ટ્રેશન ફરજિયાત)



**વહાલા રઘુવંશી વિદ્યાર્થી ભાઈ / બહેનો,**

ધો.૧૦, ધો.૧૨ તથા ગ્રેજ્યુએશન પછી કારકિર્દીને ચોક્કસ દિશા આપવા માટે આજના સમયમાં ઉપલબ્ધ કારકિર્દીના વિવિધ વિકલ્પો અને પોતાના કૌશલ્ય વિષે જાગૃત હોવું ખૂબ જરૂરી છે. આપને આપની ઉજ્જવળ કારકિર્દી માટે તથા લક્ષ્ય નક્કી કરવા માટે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની શિક્ષણ સમિતિ દ્વારા તા. ૨૯ એપ્રિલ, ૨૦૧૮ ને રવિવારના રોજ જે.બી. ઓડિટોરીયમ, AMA (અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન), IIM રોડ ખાતે સવારે ૮.૩૦ થી બપોરે ૧.૩૦ કલાક દરમિયાન પરિસંવાદનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં અનુભવી શિક્ષણવિદો દ્વારા માર્ગદર્શન તથા આપના ચોક્કસ પ્રશ્નો અંગે પણ સંવાદ કરી યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીએ GOOGLE ફોમમાં https://goo.gl/VHWhDZ અથવા તો હેલ્પલાઈન નંબર (૦૭૯-૨૬૪૬૦૪૦૩ - રિધ્ધિ ખત્રી) અથવા (careeratlmp@gmail.com) અવશ્ય રજિસ્ટર કરવું. આપના નોંધાવેલા મોબાઈલ નંબર પર જરૂરી માહિતી તથા રજિસ્ટ્રેશન નંબર આપને SMS કરવામાં આવશે. ફક્ત ૨૦૦ વિદ્યાર્થીઓની મર્યાદામાં રજીસ્ટ્રેશન કરવાનું હોવાથી રજીસ્ટ્રેશન કરાવી આપે આગમન સમયે આપનો રજિસ્ટ્રેશન નંબર અને આઈ.ડી. પ્રુફ રજૂ કરવાનું રહેશે. આપ આપની સાથે કોઈ પણ એક વાલીને સાથે લાવી શકો છો.



સવારે ૮.૩૦ કલાકે આગમન, અલ્પાહાર, રજિસ્ટ્રેશનથી શરૂ થયેલી આ બેઠકમાં રઘુવંશી ધ્વજવંદન ગીત ગાન, દીપ પ્રાગટ્ય થશે ત્યારબાદ સ્વાગત પ્રવચન ડૉ. નિલેશ સૂચક કરશે. કારકિર્દીના વિવિધ વિકલ્પોની છણાવટ ડૉ. નિરવ ઠક્કર દ્વારા કરવામાં આવશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કૌશલ્ય વિષય પર શ્રી હિમાંશુ ઠક્કર વક્તવ્ય આપશે ત્યારબાદ ૨૧મી સદીના કારકિર્દીના પડકારો વિષે શ્રી સ્નેહલ દેસાઈ સંબોધન કરશે. સફળતાનું સિંચન એ વિષય પર ડૉ. સુ દર્શનાબેન ઠક્કર દ્વારા વક્તવ્ય આપવામાં આવશે. કારકિર્દી અંગે પ્રશ્નોત્તરી સંવાદનું સંચાલન ડૉ. જયેશ ઠક્કર દ્વારા કરવામાં આવશે. ત્યારબાદ પ્રાસંગિક ઉદ્‌બોધન શ્રી ભરતભાઈ મોદી અને શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણા દ્વારા કરવામાં આવશે. શુભેચ્છા અને સાથે માર્ગદર્શન ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી અને પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા આપવામાં આવશે. ત્યારબાદ આભાર વિધિ શ્રી દિલીપભાઈ પંખી દ્વારા કરવામાં આવશે અને ત્યારબાદ ભોજન પ્રસાદ લઈ સૌ સાથે છૂટા પડીશું. કાર્યક્રમનું સંચાલન સંયુક્ત મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવશે.

**ધર્મેશભાઈ હરિયાણી**
રાષ્ટ્રીય અધ્યક્ષ - શિક્ષણ સમિતિ

**હિમાંશુ ઠક્કર**
મંત્રી - શ્રી લોહાણા મહાપરિષદ

# સંસ્થા સમાચાર

**કોઇમ્બતુર**

કોઈમ્બતુરના આંગણે આજે લોહાણા મહાજનની સંસ્થાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં ખૂબ આનંદ ઉલ્લાસથી ઉત્સવ ઉજવાયો. પૂજામાં ૫ યુગલોએ ભાગ લીધો હતો. પૂજા બાદ સર્વે એ ઝુલેલાલ બાપાના ભજન અને ધૂન "આયોલાલ ઝુલેલાલથી કરીને લાલ મેરી પત રખીયો" ગાઈને અને છેલ્લે પલ્લો ગાઈને આનંદ માણ્યો હતો.

પૂજા બાદ કાર્યવાહક સમિતિની સભા શરૂ કરવામાં આવેલ, જેમાં પ્રથમ શ્રીમતી પનાનબેન મજીઠીયાએ પ્રાર્થનાથી શરૂઆત કરેલ. ત્યારબાદ પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કરે ઉપસ્થિત રહીને સહુને ચૈત્રીબીજની શુભેચ્છા પાઠવી સહુ અતિથિ વિશેષનું સ્વાગત કર્યું હતું. પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કર, મંત્રી શ્રી હેમંતભાઈ ખાંટ તેમજ સર્વે સમિતિ સભ્યોએ ખુબ મહેનત કરી આ કાર્યક્રમને દિપાવ્યો હતો. શુભ પ્રસંગે શ્રી દક્ષિણ લોહાણા સમાજના પ્રમુખ શ્રી મુકેશભાઈ સાગલાણી જેઓ (Chief Guest) હતા. તેમણે સંસ્થાને પોતાની શુભેચ્છા પાઠવી હતી. તદઉપરાંત શ્રી દ.ભા.લા. સમાજના મંત્રી શ્રી મુકેશભાઈ અઢિયા (Guests of Honour) , શ્રી દ.ભા.લો. સમાજના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી લક્ષ્મીદાસ રાયઠઠ્ઠા, શ્રી તીરૂપુર લોહાણા સમાજના પ્રમુખ શ્રી નારાયણદાસ પવાણી તેમજ શ્રી કલીકટ લોહાણા સમાજના પ્રમુખ શ્રી કિશોરભાઈ રાડીયા ખાસ આ સુવર્ણ જયંતી નિમિત્તે હાજર રહ્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પણ વિડિયો મેસેજ દ્વારા પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી.

સર્વે અતિથિનું સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. કોઈમ્બતુર લોહાણા મહાજનની સ્થાપના કરનાર ફાઉન્ડર મેમ્બર શ્રી કીર્તિભાઈ વેલજી ઠક્કરનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત સુવર્ણ જયંતીના અવસરે સર્વે ભૂતપૂર્વ પ્રમુખ (૧) શ્રી સુરેશભાઈ રાયચુરા (૨) શ્રી પ્રતાપભાઈ રાયચુરા (૩) શ્રી પ્રવિણભાઈ પૂજારા (૪) શ્રી વિનોદભાઈ ઠક્કર (૫) શ્રી હિરેનભાઈ ઠક્કર તથા (૬) શ્રી રાજેશભાઈ મોદીનું બહુમાન કરવામાં આવેલ. સુવર્ણ જયંતિ નિમિત્તે શ્રી કો.લોહાણા મહાજને ૫ ગ્રામ ચાંદીનો સિક્કો ઝુલેલાલના ચિન્હવાળો સર્વે લોહાણા પરિવારને ભેટ રૂપે અર્પણ કર્યો હતો. આ સુંદર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી રૂપલબેન ઠક્કરે કર્યું હતું અને દેવાંશીબેન ઠક્કરે સાથ આપેલ હતો. મહાપ્રસાદના મુખ્ય યજમાન શ્રી કમલેશભાઈ મોદી હતા. શ્રી દ.ભા.લો. સમાજના પ્રમુખ શ્રી મુકેશભાઈ સાગલાણી તથા શ્રી તીરૂપુર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી નારાયણદાસ પવાણીએ પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ ઠક્કરનું શાલ ઓઢાડી સન્માન કરેલ. આ સુવર્ણ જયંતીના શુભ અવસર પર જેમણે પણ પોતાનો તન, મન, ધનથી સાથ આપ્યો તે સર્વેને ખુબ ખુબ અભિનંદન.

સંકલન : હેમંત ખાંટ

**જુનાગઢ**

૮ માર્ચ એટલે આંતરરાષ્ટ્રીય માહિતી દિન. આ દિવસે મહિલા સશક્તિકરણ અને મહિલા સાક્ષરતાના અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. આપણે જાણીએ છીએ કે સ્રી અનાદિકાળથી પૂજનીય છે અને રહેશે. પરંતુ હવે સ્રી ઘરની બહાર નીકળી દરેક ક્ષેત્રમાં આગળ વધે અને ડંકો વગાડે તે જરૂરી છે, જેનું જીવતુંસ જાગતું ઉદાહરણ એટલે શ્રીમતી ચેતનાબેન મિશ્રાણી. શ્રીમતી ચેતનાબેન મિશ્રાણીએ ત્રિવિધ કાર્યક્રમ દ્વારા મહિલાદિન ઉજવ્યો હતો. સવારે શહિદપાર્ક લાફિંગ કલબ ખાતે પ્રમુખશ્રી ચેતનાબેન મિશ્રાણીના સીધા માર્ગદર્શન હેઠળ લાફિંગ યોગ તથા પ્રાણાયામની નિઃશુલ્ક શિબિર હતી, જેમાં ભારતીય વિરાંગનાઓ વિશે શ્રી મકવાણાભાઈએ વક્તવ્ય આપેલ. આ પ્રોગ્રામને ઉપપ્રમુખ વિભાબેન જોષી અને મંત્રી શ્રી સુધાબેન સોનીએ સાથ આપ્યો હતો અને છેલ્લે અલ્પાહારનો કાર્યક્રમ રાખેલ. બપોરે અખિલ ભારતીય દક્ષિણ વિભાગ સ્વામીનારાયણ સંસ્થાન પ્રેરીત ધર્મકુળ આશ્રિત મહિલા સત્સંગ મંડળ જૂનાગઢ દ્વારા પ્રમુખ શ્રી ચેતનાબેન મિશ્રાણીના માર્ગદર્શન નીચે પ.પૂ. માતૃશ્રીના આશીર્વાદથી સત્સંગ દ્વારા સદાચાર યુક્ત જીવન જીવવાની પ્રેરણા આપતો કાર્યક્રમ જવાહર રોડ સ્થિત સ્વામીનારાયણ મંદિર ખાતે રાખવામાં આવેલ. સાંજે કૃષ્ણશેરી, હવેલી ગલી ખાતે સિનિયર બહેનોનું કુમકુમ તિલક કરી સ્વાગત કરેલ. જલારામ બાપાના નિયમ પ્રમાણે "ભૂખ્યાને આપો ભોજનની શક્તિ, એ જ જલારામ બાપાની ભક્તિ" એ ઉક્તિને સાર્થક કરી દરેક લોકોએ ભોજન અને ભક્તિ કરેલ.

સંકલન : ચેતનાબેન મિશ્રાણી

**ભુજ**

આપણી જ્ઞાતિનાં ઈષ્ટદેવ પ.પૂ.શ્રી દરિયાલાલજીની જન્મ જયંતિ (ચૈત્ર સુદ-બીજ) તા. ૧૯-૩-૨૦૧૮ ને સોમવારના દિવસે હર હંમેશ મુજબ શ્રી ભુજ લોહાણા મહાજન દ્વારા ભક્તિભાવથી ધામધૂમપૂર્વક ઉજવવામાં આવી હતી. તે દિવસે સવારે પૂજનવિધિ, મહા આરતી અને શોભાયાત્રા તથા સાંજે અંદાજે ૧૫૦૦૦ જ્ઞાતિજનોએ ભોજન પ્રસાદ તથા ભક્તિ સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ ઉત્સવના મુખ્ય દાતાનું સૌજન્ય ગં.સ્વ. ભચીબેન કરસનદાસ કલ્યાણજી કતીરા પરિવાર તરફથી મળ્યું હતું.

**જૂનાગઢ** પ્રભાવ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરીત રઘુવંશી સખી સહિયર વૃંદ જુનાગઢ દ્વારા રઘુવંશી ગૌરવ દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં રઘુકુળ ભૂષણ શ્રી રામચંદ્રજીના તેમજ પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં જન્મદિવસે રઘુવંશી સખી સહિયર વૃંદના પ્રમુખ શ્રીમતી ચેતનાબેન મિશ્રાણી, ઉપપ્રમુખ શ્રીમતી કનકબેન રૂપારેલીયાની હાજરી તથા માર્ગદર્શન નીચે વિશ્વના સમગ્ર લોહાણાઓનું નેતૃત્વ કરતી શ્રી લોહાણા મહાપરિષદના આદેશથી રઘુવંશી ગૌરવ દિનની ઉજવણી શહીદ પાર્ક - તળાવ દરવાજા પાસે વહેલી સવારે ૭ થી ૮ કરવામાં આવી હતી. પ્રથમ ભગવાન શ્રી રામચંદ્રજીની સ્તુતિ, પ્રાર્થના તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનના જીવનકવન વિશે વક્તવ્યો રજૂ કરવામાં આવ્યા અને આરતી તથા ફળાહાર પ્રસાદ શ્રીમતી ચેતનાબેન મિશ્રાણી તરફથી કરવામાં આવેલ.

**સંકલન : ચેતનાબેન મિશ્રાણી**

**રાજકોટ** શ્રી રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટી રાજકોટ દ્વારા તાજેતરમાં રઘુવંશી બાળ ઉત્સવ વિશાળ હાજરી વચ્ચે ઉજવાઈ ગયો. સંસ્થાના પ્રમુખ શ્રી રમણભાઈ કોટકે સર્વનું સ્વાગત કરેલ તેમજ સંસ્થા પરિચય આપેલ. શ્રી રાજકોટ લોહાણા મહાજન પ્રમુખ તેમજ સંસ્થાના ટ્રસ્ટી શ્રી રમેશભાઈ ધામેચાએ બાળકોને આશીર્વાદ પાઠવેલ અને સંસ્થાની પ્રવૃત્તિઓને બિરદાવેલ. આ પ્રસંગે કુંજન તન્નાએ ગણેશ સ્તુતિ, પ્રેક્ષા કોટકે મંજીરા નૃત્ય (સૌરાષ્ટ્ર કક્ષાએ પ્રથમ) અને કિશોરભાઈ ઘેલાણી, રોનકબેન પારેખ અને દિવ્યાબેન સાયાણી ગ્રૂપે "પાપા ધ ગ્રેટ" પ્રસંગ રજૂ કરેલ. સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી પ્રફુલભાઈ ચંદારાણા, ચંદનબેન સોમૈયા, એમ.એલ. નથવાણી, પ્રભુભાઈ ગોટેચા, જયંતભાઈ પાંઉની સાથો સાથ આમંત્રિતો શ્રી જી.આર. રાચ્છ, શ્રી દુર્લભજીભાઈ તન્ના, શ્રી મનિષભાઈ સોનપાલ, હસુભાઈ ગણાત્રા, શ્રી રંજનબેન પોપટ, શ્રી અશ્વિનભાઈ વિઠલાણી તેમજ નાનુભાઈ ગંધા, મયંકભાઈ પાંઉ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમને સફળ બનાવવા હિતેશભાઈ શીંગાળા, કિરીટભાઈ કુંડલીયા, વિરેન્દ્રભાઈ વસંત, અમિત કોટક, નિલેશભાઈ જોબનપુત્રા, રાજુભાઈ સાયાણી વિગેરેએ જહેમત ઉઠાવેલ.

**સંકલન : રમણભાઈ કોટક**

**અમદાવાદ** જય જલિયાણ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટએ સમાજનાં ઉત્થાનનાં કાર્યો કરતી સંસ્થા છે. જય જલિયાણ એજ્યુકેશન એન્ડ ચેરી.ટ્રસ્ટ અને સ્ટેટસ સ્ટડી સેન્ટર તથા શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિની પ્રેરણાથી "પાણી બચાવો - જીવન બચાવો" અંતર્ગત તા. ૨૨-૩-૨૦૧૮ (વિશ્વ જળ દિવસ)ના રોજથી ઉનાળાની અસહ્ય ગરમીથી ત્રસ્ત વેજલપુર વિસ્તારનાં નગરજનો માટે "ઠંડા પાણીની પરબ"નું લોકાર્પણ કરવામાં આવ્યું. આ સાથે જીવીબા ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી ગરમીથી ત્રસ્ત પક્ષીઓ માટે પાણીનાં કુંડાનું પણ ઉપસ્થિત નગરજનોને નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ શ્રી મુકેશભાઈ ગોવાણી, ટ્રસ્ટના સેક્રેટરી શ્રી અલ્પેશભાઈ ગોવાણી, ખાસ મુંબઈથી પધારેલા શ્રી લોહાણા મહાપરિષદના સંયુક્ત મંત્રી શ્રી ભાવેશભાઈ મિરાણી, શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, જીવીબા ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી શ્રી નિરવભાઈ ઠક્કર, જય જલિયાણ સત્સંગ મંડળના તમામ સભ્યશ્રીઓ તથા વેજલપુર વિસ્તારનાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં. આ ઠંડા પાણીની પરબ તા. ૨૨-૩-૨૦૧૮ (વિશ્વ જળ દિવસ) થી શરૂ કરી તા. ૫-૬-૨૦૧૮ (વિશ્વ પર્યાવરણ દિવસ) સુધી ચલાવવામાં આવશે.

**સંકલન : અલ્પેશ ગોવાણી**

## શાબાશ રઘુવંશી

પાટણ જિલ્લાના સમી તાલુકાના ગોચનાદ ગામના વતની અને હાલ હારીજ તાલુકાની પીપલાણા પ્રાથમિક શાળામાં આચાર્ય (એચ-ટાટ) તરીકે ફરજ બજાવતા ઠક્કર સુરેશકુમાર ઠાકરશીભાઈને તેમની શિક્ષણ અને સામાજિક સેવાની વિશિષ્ઠ કામગીરી બદલ અચલા એજ્યુકેશન ટ્રસ્ટ અમદાવાદ દ્વારા આદરણીય શ્રી પી.કે. લહેરી (આઈ.એ.એસ.)ના વરદ હસ્તે તાજેતરમાં અમદાવાદ મુકામે શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ તથા રૂા.૧૦,૦૦૦/-ના પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. આ સન્માનથી સમી, હારીજ તથા લોહાણા સમાજનું ગૌરવ વધારેલ છે તે બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વતી ખૂબ ખૂબ અભિનંદન.





કલા અને વિવિધ સાંસ્કૃતિક મૂલ્યોનું જતન કરવું એ એક વિશિષ્ટ સાધના છે. આપણા રઘુવંશી બાળકોમાં ખાસ કરીને વેકેશનમાં આ પ્રકારની પ્રવૃત્તિઓથી એમની આંતરિક શક્તિઓને ખીલવવાનું માધ્યમ વિવિધ મહાજનો અને સંસ્થાઓ દ્વારા પૂરું થાય તે અતિ આવશ્યક છે. શ્રી લોહાણા મહાપરિષદની સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કરની વરસોની સાધનાના ફળસ્વરૂપ તાજેતરમાં જ ગુજરાત સરકાર, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો તે બદલ શ્રી જીતેન્દ્રભાઈને ખૂબ ખૂબ અભિનંદન...

રક્તદાન એ દરેક માનવના જીવનનો અભિન્ન હિસ્સો બને તે અતિ આવશ્યક છે. રક્તદાન કરીને કોઈ પણ વ્યક્તિ દાતા હોવાનું સાત્વિક ગૌરવ અનુભવી શકે છે. ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ રક્તદાન કરી શકે અને શ્રીમંતમાં શ્રીમંત વ્યક્તિને પણ તે વ્યક્તિના રક્ત ને લેવાની ફરજ પડી શકે છે. પરમ કૃપાળુ પરમાત્માએ ગરીબો અને શ્રીમંતોના લોહીમાં કોઈ ફરક મૂક્યો નથી. ત્યારે સૌ સભ્યો વધુમાં વધુ રક્તદાન કરે અને બીજાને પણ રક્તદાન કરવાની પ્રેરણા આપે. આચરણથી ઉપદેશ એ ન્યાયે શ્રી લોહાણા મહાપરિષદના કાર્યાલય મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ કારિયાએ અત્યાર સુધી ૧૦૪ વખત રક્તદાન કરી પોતાની આ સેવાને સતત રાખેલ છે. માતૃસંસ્થાના શ્રી જીતેન્દ્રભાઈને ખૂબ ખૂબ અભિનંદન....





પરમ વંદનીય પૂજ્ય મોરારીબાપુ દ્વારા પ્રતિ વર્ષ ગુજરાત રાજ્યના ૧૧ શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરીને "ચિત્રકૂટ ધામ" તલગાજરડા દ્વારા એવોર્ડ અને પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવે છે. તાજેતરમાં ૧૮-૧-૨૦૧૮ના રોજ તલગાજરડા મુકામે આ પર્વની ઉજવણી સંપન્ન થઈ જેમાં સાવરકુંડલાના રઘુવંશી પરિવારની દિકરી જીજ્ઞાબેન કૃષ્ણકાંત ઠકરારને પૂજ્ય મોરારીબાપુના વરદ હસ્તે અને માનનીય ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની ઉપસ્થિતમાં એવોર્ડ અને પચ્ચીસ હજારનો પુરસ્કાર મેળવી રઘુવંશી સમાજનું ગૌરવ વધારવા બદલ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ વતી ખૂબ ખૂબ અભિનંદન.

# કારોબારી સમિતિની બેઠક

શ્રી લોહાણા મહાપરિષદની આગામી કારોબારી સમિતિની બેઠક તા. ૨૪ જૂન, ૨૦૧૮ ને રવિવારના રોજ શ્રી કોઈમ્બતુર લોહાણા મહાજન, કોઈમ્બતુરના યજમાનપદે કોઈમ્બતુર મુકામે યોજાશે. કારોબારી સમિતિના સભ્યો તેમજ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક દ્વારા વિશેષ આમંત્રિત સભ્યશ્રીઓએ તા. ૨૩ જૂન, ૨૦૧૮ ને શનિવારના રોજ અનુકૂળ સમયે કોઈમ્બતુર પહોંચવાનું રહેશે. સાંજે સ્થાનિક દર્શનીય સ્થળની મુલાકાતની વ્યવસ્થા યજમાન મહાજન દ્વારા કરવામાં આવશે. તા. ૨૪ જૂનના રોજ  સવારે કારોબારી સમિતિની બેઠક યોજાશે. બપોરે બે વાગે સમાપન બાદ ભોજન પ્રસાદ લઈ સૌ સભ્યો પોતાના ગંતવ્ય સ્થળે જવા રવાના થઈ શકશે. કારોબારી સમિતિની બેઠકનો એજન્ડા તમામ સભ્યોને ઈમેલથી એક મહિના અગાઉ મોકલી આપવામાં આવશે.

- હિમાંશુ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા
મંત્રીઓ






# માતૃસંસ્થાના હોદ્દેદારોની ચિંતન શિબિર



મા વૈષ્ણોદેવી તીર્થસ્થાન મુકામે તા. ૨૧-૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મુખ્ય હોદ્દેદારોની ચિંતન બેઠકનું યાત્રા - પ્રવાસન સમિતિના અધ્યક્ષ શ્રી નીતીનભાઈ ઠક્કર (નવભારત ટ્રાવેલ્સ, અમદાવાદ) ના સીધા માર્ગદર્શન અને આર્થિક સહયોગ દ્વારા આયોજન કરેલ છે.  આ અંગે જરૂરી માહિતી હોદ્દેદારશ્રીઓને ઈમેલથી મોકલી આપવામાં આવશે.

- હિમાંશુ બી. ઠક્કર / પિયુષ જી. ગંઠા
મંત્રીઓ





**RNI NO. : GUJ/GUJ/2011/44815**
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th April, 2018




**If Undelivered return to:**
**President, Printer and Publisher :** Pravin Kotak, **Editor :** Chandrakant Tanna
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)